# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2024** **MORNING : 7.45 to 7.55**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કુવૈતના આમીર અને ક્રાઉન પ્રિન્સ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરશે-પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણામાં ભાગ લેશે.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર-પૂર્વની નાણાકીય જરૂરિયાતો માટે અલગ માર્ગદર્શિકા બનાવવા પર ભાર મૂક્યો.
3) GST પરિષદે ફોર્ટિફાઇડ ચોખા પરના GST દર ઘટાડીને 5 ટકા કરવાની જાહેરાત કરી. પ્રી-પેકેજ અને લેબલવાળી કોમોડિટીની વ્યાખ્યામાં સુધારો કરવાની ભલામણ કરી
4) મહારાષ્ટ્રમાં નવી ચૂંટાયેલી સરકારના વિવિધ મંત્રીઓના વિભાગોની ફાળવણીની જાહેરાત કરાઈ
5) ભારત અને વેસ્ટ-ઈન્ડીઝની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે વડોદરામાં રમાશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - KUWAIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કુવૈતના આમિર અને ક્રાઉન પ્રિન્સ સાથે મુલાકાત કરશે. તેઓ કુવૈતના પ્રધાનમંત્રી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત પણ કરશે. શ્રી મોદી ગઈકાલે કુવૈતના અમીરના આમંત્રણ પર બે દિવસની મુલાકાતે કુવૈત પહોંચ્યા છે. છેલ્લા 43 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રીની કુવૈતની આ પ્રથમ મુલાકાત છે. કુવૈતના અમીર અને ક્રાઉન પ્રિન્સ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પહેલા પ્રધાનમંત્રી મોદીને બયાન પેલેસ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે.

ગઈકાલે, શ્રી મોદીએ કુવૈત શહેરમાં એક વિશેષ કાર્યક્રમમાં ભારતીયોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું કે કુવૈતના વિકાસ અને ભારત-કુવૈત સંબંધોને મજબૂત કરવામાં ભારતીયોએ મોટી ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રીએ આવતા મહિને આયોજિત થનારા પ્રવાસી ભારતીય દિવસ અને મહા કુંભ મેળામાં ભાગ લેવા માટે ભારતીય સમુદાયને આમંત્રણ આપ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે ભારતમાં વિશ્વની કૌશલ્ય મૂડી બનવાની ક્ષમતા છે અને ભારત વૈશ્વિક જરૂરિયાતોને અનુરૂપ તેના કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ચલાવી રહ્યું છે.

## મોદી byte skill development

પ્રધાનમંત્રીએ કુવૈતના ભારતીય કામદારો સાથે કરેલી મુલાકાત દરમિયાન ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી કલ્યાણકારી યોજનાઓની ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રીએ કુવૈતમાં 26માં અરેબિયન ગલ્ફ કપના ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં પણ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

. . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી  અમિત શાહે ઉત્તર-પૂર્વની નાણાકીય જરૂરિયાતો માટે અલગ માર્ગદર્શિકા બનાવવા પર ભાર મૂક્યો છે.

શ્રી શાહે  નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ, રિઝર્વ બેન્ક અને નોર્થ-ઈસ્ટ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડને ઉત્તર-પૂર્વને ધિરાણ આપવા માટે અલગ માર્ગદર્શિકા તૈયાર કરવા કહ્યું છે. તેમણે કહ્યું કે આ પ્રદેશનું ભૌગોલિક સ્થાન અલગ અને સમગ્ર દેશ માટે સમાન માર્ગદર્શિકા ન હોઈ શકે. અગરતલામાં નોર્થ ઈસ્ટર્ન બેંકર્સ કોન્ક્લેવ 2024ને સંબોધતા શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી 10 વર્ષમાં ઉત્તરપૂર્વમાં સરેરાશ 20 ટકા વૃદ્ધિ દર જોવા મળશે.

આ અગાઉ અગરતલામાં નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલના 72માં સત્રને સંબોધતા તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષ ઉત્તર પૂર્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યા છે. કેન્દ્ર સરકાર રોકાણકારોને ઉત્તર-પૂર્વમાં રોકાણ કરવા માટે પ્રેરિત કરી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું  કે સરકારનો હેતુ પૂર્વોત્તરને દેશના બાકીના ભાગોની સમકક્ષ લાવવાનો છે.

. . . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# REV. EVE. GST MEETING-JAISALMER

GST કાઉન્સિલની ગઇકાલે સંપન્ન થયેલી બેઠકમાં GST ને લગતા ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મુખ્ય મંત્રીઓ નાયબ મુખ્ય મંત્રીઓ, રાજ્યના નાણાં મંત્રીઓ અને નાણાં મંત્રાલયના અધિકારીઓએ ભાગ લીધો હતો.

બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સીતારમણે કહ્યું કે GST કાઉન્સિલે ફોર્ટિફાઇડ ચોખા પર કરનો દર ઘટાડીને 5 ટકા કરવાનો નિર્ણય લીધો છે અને પ્રી-પેકેજ અને લેબલવાળી વસ્તુઓની વ્યાખ્યામાં સુધારો કરવાની ભલામણ કરી છે. તેમણે કહ્યું કે GST કાઉન્સિલે ઘણી વસ્તુઓ પર ટેક્સના દર ઘટાડવા અથવા છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે જીન થેરાપીને GSTમાંથી મુક્તિ આપવામાં આવી છે. ઉપરાંત, પેનલ્ટી ચાર્જીસ, બેંકો અને NBFCsના લેટ પેમેન્ટ ચાર્જીસ પર GST વસૂલવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલના ટ્રેનિંગ પાર્ટનર્સને GSTમાંથી મુક્તિ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ આ નિર્ણય નોટિફિકેશન જારી થયા બાદ લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# MAHA PORTFOLIO ALLOCATION

મહારાષ્ટ્રમાં નવી ચૂંટાયેલી સરકારના વિવિધ મંત્રીઓને વિભાગોની ફાળવણી કરવામાં આવી છે.

**મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગૃહ, ઉર્જા, કાયદો અને ન્યાયતંત્ર, સામાન્ય વહીવટ, માહિતી અને પ્રચાર વિભાગો પોતાની પાસે રાખ્યા છે. નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે શહેરી વિકાસ, આવાસ, જાહેર બાંધકામ (જાહેર સાહસો) અને અજિત પવાર નાણાં અને આયોજન, તથા રાજ્ય આબકારી મંત્રાલયો સંભાળશે. મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલે મહેસૂલ, રાધાકૃષ્ણ વિખે-પાટીલ જળ સંસાધન વિભાગ સંભાળશે. જ્યારે હસન મુશ્રીફને તબીબી શિક્ષણ વિભાગ અને ચંદ્રકાંત પાટીલને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ તથા સંસદીય બાબતોનો વિભાગ અપાયો છે.**

**ઉપરાંત, પંકજા મુંડે પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પશુપાલન મંત્રી રહેશે. માણિકરાવ કોકાટે કૃષિ અને જયકુમાર ગોરને ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સહિતની જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત છ રાજ્ય મંત્રીઓને પણ વિભાગો અપાયા છે.**

. . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# PRADHAN-AWARDS

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે સરકાર પ્રાદેશિક ભાષાઓમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

ગઇકાલે નવી દિલ્હીમાં ચૌધરી ચરણ સિંહ એવોર્ડ 2024ના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી પ્રધાને કહ્યું કે આ એવોર્ડ ખેડૂતો અને ગ્રામીણ વિકાસ માટે કામ કરનારાઓને સન્માનિત કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે દેશના જીડીપીમાં હજુ પણ કૃષિ અર્થવ્યવસ્થાનો સૌથી મોટો ફાળો છે.

. . . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# WOMEN CRICKET

ભારત અને વેસ્ટ-ઈન્ડીઝની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે વડોદરામાં રમાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

ટવેન્ટી-ટ્વેન્ટી શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપમાં ભારતીય ટીમ આ શ્રેણી જીતવા પ્રયત્ન કરશે. મંધાનાએ ટી-20 શ્રેણીમાં સતત ત્રણ વાર 50થી રન બનાવ્યા છે, જે દ્વિપક્ષી શ્રેણીમાં ભારતીય મહિલા ખેલાડીનો એક વિક્રમ છે.

. . . . . . . . . . . . . . . .

પુલ-(NEWS POOL- PRAVESH_A), નવીન

# CRICKET-U-19 WOMEN'S ASIA CUP

અંડર-19 મહિલા T-20 ક્રિકેટની ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.

મલેશિયાની રાજધાની કુઆલાલંપુરમાં રમાનારી આ મેચ ભારતીય સમય અનુસાર સવારે 7 વાગ્યે શરૂ થશે. નિક્કી પ્રસાદના નેતૃત્વમાં ભારતીય ટીમ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે

. . . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

# REV EVE SQUASH - WESTERN INDIA

પશ્ચિમ ભારત સ્ક્વોશ સ્પર્ધાની આજે રમાનારી ફાઇનલમાં ભારતની આકાંક્ષા સાળુંકે અને અનાહત સિંહ વચ્ચે મુકાબલો થશે. ગઈકાલે રમાયેલી મહિલાઓની સિંગલ્સની પહેલી સેમીફાઇનલમાં આકાંક્ષાએ ઇજિપ્તની જેના સ્વૈફીને 4-1 થી પરાજય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સ્પર્ધાની બીજી સેમીફાઇનલ ભારતની અનાહત સિંહે ઇજિપ્તની નોર ખફાગી સામે 4-1થી વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

રીપીટ

# MEA GERMANY

ભારતે જર્મનીના મેગડેબર્ગમાં થયેલા હુમલાની નિંદા કરી છે. આ હુમલામાં પાંચ લોકોના મોત થયા છે અને 200થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં સાત ભારતીય નાગરિકો પણ સામેલ છે. જર્મનીમાં ભારતીય દૂતાવાસ ઘાયલોના સંપર્કમાં છે.

આ ઘટના શુક્રવારે સાંજે બની હતી, જ્યારે એક કાર ભીડવાળા ક્રિસમસ માર્કેટમાં ઘૂસી હતી.

. . . . . . . . . . . . . . . .

પુલ- નીકીતા -નવીન

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા છતાં ભારતનો વેપાર યથાવત્. સંદેશનું મુખ્યશીર્ષક છે, રશિયાના કઝાન ઉપર 9-11 જેવો ડ્રૉનથી હુમલો કરાયો. 'રશિયામાં 9-11: યુક્રેને ડ્રૉન હુમલાથી ભારે તબાહી મચાવી' આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે. ફૂલછાબે લખ્યું, વીમા પ્રીમિયમમાં રાહત નહીં, જૂની કારો મોંઘી. રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, કડાકે કી ઠંડ કે લિએ હો જાએં તૈયાર, કશ્મીર મેં 40 દિન કા ચિલ્લઈ કલાં શુરૂ.
- રાજસ્થાનના જેસલમેરમાં ગઈકાલે યોજાયેલી જીએસટી પરિસદની બેઠકના સમાચાર તમામ અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- સંદેશે સ્થાનિક પાના પર 'કચ્છમાં GHCLના કેમિકલ પ્લાન્ટ સામે અમદાવાદમાં ઉગ્ર વિરોધ'ના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે, અમદાવાદ-રાજકોટમાં 20 સ્થળે DGGIના દરોડા, બોગસ બિલો થકી રૂપિયા 200 કરોડની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવાનું કૌભાંડ બહાર આવ્યું.
- નવગુજરાત સમય લખે છે, ગાંધીનગરના ચન્દ્રાલા ગામમાં કમળાના 2 દર્દી પૉઝિટિવ, વધુ પાંચ શંકાસ્પદ કેસ.

(ડેસ્કઃ પ્રવેશ અડિએચા/ **22-12-2024)**